



Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 12,(SURAT), DATE-10/09/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૧૨, (સુરત), તા.૧૦/૦૯/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 વિહાણ ચોકડી, શિવ શોપર્સ મોલ ખાતે રાજપૂત સમાજના નવા કાર્યાલયનું દીપ પ્રાગટ્ય કરીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું

3 વિશ્વામિત્રી ભ્રષ્ટાચાર મુદ્દે મગરની પ્રતિકૃતિ સાથે કોંગ્રેસ દ્વારા 'સત્તાધીશો જવાબ દો, હિસાબ દો' ના નારા સાથે વિરોધ પ્રદર્શન

4 કોંગ્રેસ પાર્ટી દ્વારા યુવા સંવાદ અભિયાન હેઠળ મિટિંગ યોજાઈ

## સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૫-માં સુરત ત્રીજા ક્રમે:દેશના ૩૦૦ શહેરોમાંથી ટોચના ત્રણ શહેરોમાં સ્થાન મેળવ્યું, ગત વર્ષે પ્રથમથી આ વર્ષે ત્રીજા ક્રમે ધકેલાતા સિદ્ધિ સાથે તંત્ર માટે કેટલીક ચિંતા

સુરત- ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા આજે જાહેર કરાયેલા 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ-૨૦૨૫'ના પરિણામોમાં સુરત શહેર દેશના ટોચના ત્રણ શહેરોમાં સ્થાન મેળવ્યું છે. આ સિદ્ધિ બદલ શહેરના મેયર દક્ષેશ માવાણી અને કમિશનર શાલિની અગ્રવાલે દિલ્હીમાં પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવના હસ્તે એવોર્ડ અને ૨૫ લાખનો ચેક સ્વીકાર્યો હતો. કેટેગરીમાં ગુજરાતમાં એક માત્ર ટોપ ૧૦માં સુરત જ શામેલ છે. જોકે, ગત વર્ષે પ્રથમ ક્રમે રહેલું સુરત આ વર્ષે ત્રીજા ક્રમે ધકેલાતા આ સિદ્ધિ સાથે કેટલીક ચર્ચાઓ અને તંત્ર માટે ચિંતાઓ પણ ઊભી થઈ છે.




ગત વર્ષે પ્રથમ, આ વર્ષે ત્રીજા ક્રમે કેમ? સુરત માટે 'સ્વચ્છ વાયુ સર્વેક્ષણ' માં સ્થાન મેળવવું એ કોઈ નવી વાત નથી. ગત વર્ષે, એટલે કે ૨૦૨૪માં, સુરત ૧૯૪ ગુણ સાથે દેશમાં પ્રથમ ક્રમે રહ્યું હતું, પરંતુ આ વર્ષે ત્રીજા ક્રમે આવતા સવાલો ઉભા થયા છે કે શું શહેરની હવાની ગુણવત્તા બગડી છે કે પછી મૂલ્યાંકન પ્રક્રિયામાં કોઈ પરિવર્તન આવ્યું છે.

૩૦૦ દેશના શહેરોને શામેલ કરાયા હતા સર્વેક્ષણમાં શહેરોનું મૂલ્યાંકન ધનકચરાનું વ્યવસ્થાપન, રોડ ડસ્ટ, બાંધકામ-ડિમોલિશન કચરામાંથી ઉત્પન્ન થતી ધૂળ, વાહનો અને ઔદ્યોગિક ઉત્સર્જન જેવા વિવિધ માપદંડોના આધારે થાય છે. જોકે આ વર્ષે સર્વેક્ષણમાં ૩૦૦ જેટલા દેશના શહેરોને શામેલ કરાયા હતા, જ્યારે પહેલા શહેરોની સંખ્યા અને ક્રાઈટેરિયા લિમિટેડ હોવાના કારણે સુરતને પ્રથમ ક્રમ મળ્યો હતો.

## માંડવી નજીક ભયાનક અકસ્માતઃ ટ્રક અને બાઈકની ટક્કરમાં બે યુવકોના કરુણ મોત, એક ગંભીર







**માંડવી, રિપોર્ટર દક્ષેશ પટેલ-** માંડવી તાલુકાના દેવગઢ ગામ નજીક નેશનલ હાઈવે ૫૬ પર એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં બે યુવાન મિત્રોએ જીવ ગુમાવ્યો છે અને અન્ય એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો છે. આ દુર્ઘટના બેદરકારીપૂર્વક વાહન ચલાવતા ટ્રક ચાલકની ગંભીર ભૂલને કારણે બની હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આજ રોજ માંડવીથી ઝંખવાવ તરફ જતા નેશનલ હાઈવે ૫૬ પરના એક વળાંક પાસે આ અકસ્માત થયો. પ્રાપ્ત માહિતી મુજબ, એક યામાહા ખઝ૧૫ મોટરસાઇકલ (નં. GJ-૧૯-UN -૮૨૦૬) પર સવાર ત્રણ મિત્રો જઈ રહ્યા હતા. તે જ સમયે, પુરઝડપે અને બેફિકરાઈથી હંકારાઈ રહેલી એક ટ્રક (નં. GJ -૧૦-TX-૫૪૬૩) એ આ બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક પર સવાર ત્રણેય યુવકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માતમાં માંડવીના લુહારવડ ગામના ૧૯ વર્ષીય સર્જન જગદીશભાઈ ચૌધરી અને માંગરોળના વેરાવી ગામના કૃણાલ પંકજભાઈ ચૌધરીનું ઘટનાસ્થળે જ કરુણ મૃત્યુ થયું હતું. બંનેના માથા, નાક અને કાનમાંથી લોહી નીકળી રહ્યું હતું અને શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી.

જયારે, ત્રીજો મિત્ર, માંગરોળના વેરાવી ગામના શિવમ જીવણભાઈ ચૌધરીને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતા શિવમને તાત્કાલિક સુરતની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

આ દુર્ઘટના બાદ, ટ્રક ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળ પર જ મૂકીને ફરાર થઈ ગયો હતો. મૃતક સર્જન ચૌધરીના કાકા, જગુભાઈ અર્જુનભાઈ ચૌધરીએ આ અંગે માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવી ગંભીર ગુનો આચરવા બદલ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે અને આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ ગમખ્વાર ઘટનાથી બંને પરિવારોમાં અને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

## માંડવી તાલુકામાં ભાર્ગવ સમાજ ની વાડીમાં માંડવીના આમ આદમી પાર્ટીની મીટીગ

**માંડવી, રિપોર્ટર દક્ષેશ પટેલ-** માંડવી તાલુકામાં ભાર્ગવ સમાજ ની વાડીમાં માંડવીના આમ આદમી પાર્ટીની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં વિસાવદરના ધારાસભ્ય ગોપાલભાઈ ઇટાલીયા ઉપસ્થિત રહ્યા હતા. ગોપાલભાઈ ઇટાલીયા એ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને માંડવી વિસ્તારમાં વધુમાં વધુ આમ આદમી પાર્ટીમાં જોડવા માટે જણાવ્યું હતું. અને ભાજપ સામે આક્ષેપો લગાવ્યા હતા કે માંડવી ની અંદર આમ આદમી પાર્ટીને રેલી કરવા દેવામાં આવતી નથી. કે કોઈ મીટીંગ કરવા દેવામાં આવતી નથી. આદિવાસીઓને એન કેન પ્રકારે હેરાન કરવા માં આવી રહ્યાં છે. આમ માણસ સરકારી અધિકારી ઓ ને સવાલો પૂછે તો જેલ ભેગો કરે છે. ભાજપ સરકાર ને




તાનાશાહી અને દમનકારી છે. આદિવાસી સમાજ માટે કોઈ કામ કરતી નથી. અને આદિવાસી સાથે અન્યાય કરે છે. ભાજપ સરકાર આદિવાસી ઓ ને દબાવવાની કોશિશ કરી પોતાનો સમય વેડફી રહ્યાં છે. કામ કરતા નથી.

માંડવી વિસ્તારમાં રોડ બિસ્માર હાલત મા છે. અને પ્રજા દુ:ખી થઈ રહી છે. છતાં ભાજપના પેટ માંથી પાણી હાલતું નથી. સાથે કોંગ્રેસ પાર્ટી પણ સામેલ છે એવા આક્ષેપ કર્યા હતા. આમ આદમી પાર્ટીમાં વિસાવદર ની જીત થઇ અને સમગ્ર ગુજરાતમાં પાર્ટી માં નવા પ્રાણ પુરાયા છે. એને લઈને તમામ કાર્ય કરતા ઓ ને માંડવી તાલુકામાં વધુ માં વધુ લોકોને પાર્ટી માં જોડવા આહવાન કર્યું હતું. સાથે ચેતરભાઈ વસાવા ને જેલમાં બંધ કરવામાં આવ્યા છે એ ને ગેરકાયદેસર ગણાવ્યા હતા. ભાજપ સરકાર આમ આદમી પાર્ટીના નેતાઓ ને હેરાન કરવા માટે એડી ચોટી લગાવી રહ્યા છે. અને સતાનો દુરુપયોગ કરે છે એવા આક્ષેપ કર્યા હતા. માંડવી વિસ્તારોમાં ખેડૂતો,પશુપાલકો, ના પ્રશ્નો ને વાચા આપવા પ્રયત્નો હલ થાય એ માટે સતત પ્રયત્ન કરતા રહેશું એની ખાતરી આપી હતી. સાથે આમ આદમી પાર્ટીમાં ૧૦૦ થી વધારે લોકો જોડાયા હતા. માંડવી તાલુકામાં રાજકીય ઉથલપાથલ જોવા મળી રહી છે.

### ઉકાઈ-કાકરાપાર નહેર ૯૦ દિવસ બંધ રહેશે:

## સુરત-ભરૂચના ૭ તાલુકાના ખેડૂતો ચિંતિત, ૪૫ દિવસ માટે મર્યાદિત રાખવા માગણી

બારડોલી- સુરત જિલ્લા સિંચાઇ વિભાગે કાકરાપાર જમણા કાંઠા નહેરમાં બાંધકામ માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૧ ડિસેમ્બર ૨૦૨૫થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી નહેરમાં પાણી બંધ રહેશે. આ નિર્ણયની અસર સુરત જિલ્લાના માંગરોળ, માંડવી, ઓલપાડ, કામરેજ અને ભરૂચ જિલ્લાના વાલીયા, અંકલેશ્વર તેમજ હાંસોટ તાલુકાના ખેડૂતો પર થશે.



માંગરોળના ખેડૂત અગ્રણી કેતન ભટ્ટના જણાવ્યા મુજબ, ગત વર્ષે ખેડૂતોને મોટું નુકસાન થયું હતું. શેરડીની મોડી કાપણી અને ઉનાળામાં વરસાદના કારણે ડાંગરની ખેતી પ્રભાવિત થઈ હતી. હવે ૯૦ દિવસ નહેર બંધ રહેવાથી ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થશે.

ખેડૂતોએ શેરડીના વાવેતર માટે હજારો રૂપિયાનો ખર્ચ કર્યો છે. તેમણે ખેતરો ગણોતે રાખ્યા છે અને રોપાણ વેચાતા લીધા છે. આ સ્થિતિમાં પાક પસંદગી અંગે નિર્ણય લેવો મુશ્કેલ બન્યો છે. માંગરોળ તાલુકાના ખેડૂતો દરેક ગામમાં મીટિંગ યોજી વિરોધ નોંધાવી રહ્યા છે.

ખેડૂતોની મુખ્ય માગણી છે કે નહેર માત્ર ૪૫ દિવસ બંધ રાખવામાં આવે. તેઓ ઇચ્છે છે કે શક્ય તેટલી કામગીરી આ વર્ષે પૂર્ણ થાય. બાકીનું કામ આવતા વર્ષે કરવામાં આવે અથવા વધુ એજન્સીઓ રોકીને ૪૫ દિવસમાં પૂર્ણ કરવામાં આવે.

ખેડૂત સમાજે ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ ઓલપાડ તાલુકાના હાથીસા ગામે મોટી મીટિંગનું આયોજન કર્યું છે. આ મીટિંગમાં સરકારને લેખિત રજૂઆત કરવામાં આવશે.

## અરેઠ ખાતે દિવાળીબા ટ્રસ્ટ દ્વારા કોમ્પ્યુટર વર્ગનો પ્રારંભ



**માંડવી, રિપોર્ટર દક્ષેશ પટેલ-** ગ્રામ્ય વિસ્તારોની બહેનો આત્મનિર્ભર બને તે હેતુથી માંડવી ના અરેઠ ગામ ખાતે દિવાળીબા ટ્રસ્ટ દ્વારાકોમ્પ્યુટર વર્ગનો પ્રારંભ કરી નવી પહેલ કરવામાં આવી છે.

માંડવીના અરેઠ ગામ ખાતે દિવાળીબા ટ્રસ્ટ દ્વારા કોમ્પ્યુટર વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો છે જોકે ત્યાં છેલ્લા ૫ વર્ષથી ટ્રસ્ટ દ્વારા સીવણ તથા બ્યૂટી પાર્લર વર્ગો સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યા છે. આ બંને વર્ગોમાં અત્યાર સુધી ૧૫૦૦ થી વધુ બહેનોએ તાલીમ મેળવી પોતાના પગ પર ઊભી રહી સ્વનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તેમજહવે શરૂ થયેલા કોમ્પ્યુટર વર્ગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોની બહેનોને આધુનિક ટેક્નોલોજી સાથે જોડવાની તક મળશે. રોજગારક્ષમ બનવા માટે જરૂરી કૌશલ્ય વિકસાવવામાં આ વર્ગ મદદરૂપ સાબિત થશે એવી આશા વ્યક્ત કરવામાં આવી છે સ્થાનિક લોકો તથા બહેનોમાં આ નવા વર્ગ પ્રત્યે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દિવાળીબા ટ્રસ્ટની આ પહેલ ગામડાની સ્ત્રીઓ માટે વિકાસના નવા દ્વાર ખોલશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA
PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

Date-10/09/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## શ્રી રાજપૂત સમાજ કામરેજ વિભાગ દ્વારા

# વિહાણ ચોકડી, શિવ શોપર્સ મોલ ખાતે રાજપૂત સમાજના નવા કાર્યાલયનું દીપ પ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું




































**કામરેજ-** આ શુભ અવસરે રાજપૂત સમાજના સામાજિક શૈક્ષણિક રાજકીય તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, અગ્રણીઓ વિવિધ વિભાગોના પ્રમુખશ્રીઓની વિશિષ્ટ ઉપસ્થિતિ માં કાર્યક્રમ યોજાયો. સાથે સર્વ સમાજના અગ્રણીઓ, સહકારી સંસ્થાના આગેવાનો તથા સમાજબંધુઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી.

કાર્યક્રમ દરમિયાન દરેક આગમન કરતાં તમામ મહેમાનોનું સન્માનપૂર્વક પુષ્પગુચ્છ ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું અને આશીર્વચન પ્રાપ્ત કરાયા કામરેજ તાલુકામાં ૨૨ જેટલા ગામોમાં રાજપૂત સમાજના વ્યક્તિઓ વસવાટ કરે છે સૌપ્રથમવાર સંગઠનની રચના કરવામાં આવી અને સમાજની સેવા માટે મુખ્ય સંકલન કાર્યકર્તા દક્ષિણ ગુજરાત કરણી સેના અધ્યક્ષ મેહુલસિંહ દેસાઈ તેમજ કામરેજ તાલુકા રાજપૂત સમાજ નવનિયુક્ત પ્રમુખ રાજેન્દ્રસિંહ ચૌહાણ ની સમગ્ર ટીમ દ્વારા આજરોજ કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું છે. જે કામરેજ તાલુકામાં માં વસવાટ કરતા રાજપુતોને કોઈપણ જાતની સામાજિક મદદ મળી રહે અને સાનુકૂળતા રહે માટે કાર્યાલય નું ઉદઘાટન કરવામાં આવ્યું છે.

આ શુભ પ્રસંગે પધારેલા દરેક વિષેશ અતિથિ નું શ્રી રાજપૂત સમાજ, કામરેજ વિભાગ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.




**કામરેજ તાલુકામાં ૨૨ જેટલા ગામોમાં રાજપૂત સમાજના વ્યક્તિઓ વસવાટ કરે છે સૌપ્રથમવાર સંગઠનની રચના કરવામાં આવી અને સમાજની સેવા માટે મુખ્ય સંકલન કાર્યકર્તા દક્ષિણ ગુજરાત કરણી સેના અધ્યક્ષ મેહુલસિંહ દેસાઈ તેમજ કામરેજ તાલુકા રાજપૂત સમાજ નવનિયુક્ત પ્રમુખ રાજેન્દ્રસિહ ચૌહાણ ની સમગ્ર ટીમ દ્વારા આજરોજ કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવ્યું છે**

Date-10/09/2025 Wednesday
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

# અર્થતંત્રના લલાટે ધાર્મિક તહેવારોનું તિલક...


તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

મૂર્તિ બનાવનાર, ફૂલો વાળા, મિઠાઇ વાળા, મંડપ વાળા, પૂજાપાની સામગ્રી વાળા, કેટરીંગ કરનારા, પૂજારીઓ વગેરેનો બિઝનેસ સતત ચાલતો રહે તેવી આસાન સિસ્ટમ ઓટોમેટીક ઉભી થઇ ગઇ  છે. ઉત્સવ એક છે પરંતુ તેની સાથે જોડાયેલા અનેક બિઝનેસ ધબકી રહ્યા છે.

- બે લાભ થાય છે એકતો ધાર્મિક સંસ્કૃતિના પ્રસાર થાય છે અને અર્થ તંત્રમાં પૈસો સ્વૈચ્છીક રીતે પમ્પ થતો રહે છે તેમજ ગ્રામીણ અર્થતંત્રમાં ખરીદ શક્તિ ઉભી થાય છે.હાલમાં ગણપતિ બાપાનું સ્થાપન ઠેર ઠેર જોવા મળે છે. નાની સોસાયટીઓથી માંડીને ફ્લેટોમાં ગણપતિ સ્થાપન જોવા મળે છે. હવેતો માહોલ એવો ઉભો થયો છે કે ગણપતિ ઉત્સવ એક પ્રકારે નવરાત્રિને ટક્કર મારતો મહોત્સવ બની ગયો છે. એક ગામ એવું નથી કે જયાં ગણપતિ બિરાજમાન ના કરાયા હોય. શહેરો તો ગણપતિમય બની ગયા છે. લોકોને એક મંચ પર ભેગા કરવાનો આપણા પૂર્વજોનો આઇડયા આજે મહા મહોત્સવ બની ગયો છે. દરેક ધાર્મિક ઉત્સવો દેશના ગ્રામીણ અર્થતંત્રને ચેતનવંતુ રાખવા બનાવ્યા હોવાનો હવે એહસાસ થાય છે.

મૂર્તિ બનાવનાર, ફૂલો વાળા, મિઠાઇ વાળા, મંડપ વાળા, પૂજાપાની સામગ્રી વાળા, કેટરીંગ કરનારા, પૂજારીઓ વગેરેનો બિઝનેસ સતત ચાલતો રહે તેવી આસાન સિસ્ટમ ઓટોમેટીક ઉભી થઇ ગઇ  છે. ઉત્સવ એક છે પરંતુ તેની સાથે જોડાયેલા અનેક બિઝનેસ ધબકી રહ્યા છે. ભારતની સંસ્કૃતિને મજબૂત બનાવવા સ્વયંભૂ ઉભા થયેલા કેટલાક તહેવારોને પેઢી દર પેઢી આગળ વધારાયા છે. આર્થિક તંત્રમાં અવાર નવાર આવતા ધાર્મિક તહેવારોના કારણે પૈસો સતત ફરતો રહે છે અને છેવાડાના માનવી સુધી તેનો લાભ મળતો દેખાય છે.

ગણપતિના તહેવારાએ જે રીતે ઉજવણીનો પવન ઉભો કર્યો છે તેના કારણે દર વર્ષે વધુને વધુ લોકો ગણપતિ સ્થાપન કરતા થયા છે. ગણપતિ સ્થાપન માટેની જરૂરી ચીજો આર્થિક તંત્રને ચેતનવંતુ બનાવતું જાય છે. વરસાદની સિઝન અને રોપણીની સિઝન સાથે સંકળાયેલા તહેવારો ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી ઉભી કરી શકે છે. આપણી સંસ્કૃતિ કહે છે કે  દરેક દેવ પૃથ્વી પર રહેતા માનવને દર્શન આપવા આવે છે. રથયાત્રાએ ભગવાન જગન્નાથ રથયાત્રા કાઢીને નગર યાત્રાએ નીકળે છે, એમ શ્રાવણ માસમાં ભગવાન શિવ લોકોને દર્શન આપવા આવે છે, એવી જરીતે ભગવાન ગણપતિ દશ દિવસ રોકાય છે એમ નવરાત્રીમાં મા અંબા નવ દિવસ રોકાઇને દર્શન દેવા આવે છે. તહેવારોમાં શો મસ્ટ ગોઓન જેવું છે. કોરોના ડરથી ઘરમાં પુરાઇ રહેલા શ્રધ્ધાળુઓ ઉત્સવ ઉજવવા બહાર આવ્યા છે જેનો સીધો લાભ ગ્રામીણ અર્થ તંત્રને મળી રહ્યો છે.. ભારતનું અર્થતંત્ર વેગવંતુ બનાવવું હોય તો ગામડાના લોકોની ખરીદ શક્તિ વધે તેવું કરવું જોઇએ. જોતે કમાતા થશે તો તેમની ખરીદ શક્તિ વધશે. ગામડામાં કૃષિ સિવાયના અનેક ક્ષેત્રો એવા છે કે જેમાં ગામડાના લોકોમાં રહેલી આંતરીક શક્તિનો ઉપયોગ કરી શકાય છે. પહેલાં કિસાનો ફૂલો ઉગાડવાના ધંધાથી દુર રહેતા હતા પરંતુ તહેવારના દિવસોમાં કિસાનો હવે ફૂલો ઉગાડીને આવક કરતા થયા છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો કોઇ એક સોસાયટીમાં ગણપતિ સ્થાપન કરાય છે તો ત્યાં સવારે જમવાનું અને સાંજે હેવી નાસ્તાની વ્યવસ્થા હોય છે. રોજ પૂજારી આવીને પૂજા કરે છે. રોજ પ્રસાદ માટે ફળો લવાય છે. ભગવાનના મંડપનું ડેકોરેશન કરાય છે. બેસવા માટે ખુરશી વગેરે લવાય છે. આમ ગણપતિ સ્થાપના દશ દિવસ માટે કરાય તો એક મૂર્તિની પાછળ અંદાજે ઓછામાં ઓછા પચાસ હજારથી બે લાખ રુપિયાનો ખર્ચ થઇ શકે છે. એટલેકે એક મંડપ પાછળ બે લાખ રુપિયા જેટલો ખર્ચ થાય છે. આ ખર્ચ આયોજકોને લોકો મારફતે મળી રહે છે. વિસ્તારમાં રહેતા લોકો અને દુકાનદારો આથિર્ક મદદ કરતા હોય છે.

જાહેરમાં ઉભા કરાતા ગણપતિના મંડપોનો ખર્ચો સોસાયટીમાં સ્થાપન કરાતા ગણપતિ કરતાં વધુ હોય છે. મુબઇમાં ગણપતિના  મંડપોનો અને મૂર્તિ સહીતની ચીજોનો અંદાજે ૧૦૦૦ કરોડનો વિમો ઉતારાય છે. જે લોકો પોતાના ઘેર બાપ્પાને બોલાવે છે તેમનું  બજેટ પણ ૨૫,૦૦૦ રૂપિયાનું હોય છે. આપણે ત્યાં ગણપતિનું સ્થાપન આસાન નથી હોતું. તેમને રોજ ભોગ આપવા , સવાર સાંજ આરતી કરવી વગેરે કરવા માટે પૈસાની જરૂર પડે છે. આપણે ત્યાં એક ખાસિયત એ છે  કે લોકો ભગવાનના કામમાં આર્થિક મદદ કરતાં નથી ખચકાતા. ભારતનું અર્થ તંત્ર વેગવંતુ બને તે માટે ગ્રામીણ ક્ષેત્ર પર ભાર મુકવાની દૂરદર્શિતા આપણા વડવાઓએ તૈયાર કરી હતી તે પ્રશંસાને પાત્ર છે.

# વિશ્વામિત્રી ભ્રષ્ટાચાર મુદ્દે મગરની પ્રતિકૃતિ સાથે કોગ્રેસ દ્વારા 'સત્તાધીશો જવાબ દો, હિસાબ દો' ના નારા સાથે વિરોધ પ્રદર્શન



વિશ્વામિત્રી નદીમાં ગયા વર્ષે આવેલા ભારે પૂરના કારણે શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. માનવસર્જિત આ પૂરના પડઘા રાજય સરકાર સુધી પહોચ્યા હતા. જયારે બીજી બાજુ વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવા માટે રાજય સરકારે રૂ.૧૨૦૦ કરોડ આપ્યા હોવા છતાં આ વર્ષે પણ ફરી એકવાર પૂરની સ્થિતિ સર્જાતા લોકોમાં ભય ફેલાયો હતો.

ભારે વરસાદ સાથે જ વિશ્વામિત્રીમાં પૂર આવવાની શક્યતાથી લોકો દહેશતમાં મુકાયા હતા. આ અંગે શહેર કોગ્રેસ વિશ્વામિત્રી નદી બાબતે જાતજાતના સવાલો વિશ્વામિત્રી ભ્રષ્ટાચાર પૂર-૨૦૨૫, સત્તાધીશો જવાબ દો હિસાબનો મુદ્દે ખંડેરાવ માર્કેટ ખાતે મ્યુનિસિપલ કમિશનર કચેરીએ એકત્ર થઈને રજૂઆત સાથે ભારે સૂત્રોચાર સાથે માંગણી કરવામાં આવી હતી.

આજે કોર્પોરેશનની કચેરી ખાતે કોગ્રેસના પ્રમુખ ઋત્વિજ જોશી અને વિરોધ પક્ષના નેતા ચંદ્રકાંત ભથ્થું સહિત આગેવાનોએ હાથમાં મગરની પ્રતિકૃતિ રાખી વિશ્વામિત્રી પ્રોજેક્ટની નિષ્ફળતા અંગે સૂત્રોચ્ચાર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે વિશ્વામિત્રી નદીમાં બે વખત ભારે પૂર અને એક વખત પૂરની દહેશત વચ્ચે લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. જ્યારે બીજી બાજુ વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવાનો પ્રોજેક્ટ રજૂ થતા રાજય સરકાર દ્વારા રૂપિયા ૧૨૦૦ કરોડ ફાળવ્યા હતા. શહેર ફરતે ૨૬ કિ.મી. જેટલી લાંબી નદીને ચાર તબક્કામાં વહેંચીને પાલિકા દ્વારા ઊંડી અને પહોળી કરવાનો કાર્યક્રમ હાથ ધરાયો હતો. માત્ર સો દિવસમાં આ કાર્યક્રમ પૂરો પણ કરી દેવાયો હોવાની જાહેરાત કરાઈ હતી. ક્યારેય વિભાગમાં નદીને ઊંડી અને પહોળી કરવાના કામકાજમાં કેટલીય જગ્યાએ યોગ્ય સફાઈ નદીની ઊંડાઈ અને પહોળાઈ થઈ નહીં હોવાના આક્ષેપો થયા હતા.

જયારે બીજી બાજુ તાજેતરમાં પડેલા વરસાદના કારણે આજવા સરોવરમાં પાણીની ભારે આવક થતા વિશ્વામિત્રી નદીમાં પાણી છોડાયું હતું. જેથી નદીનું જળ સ્તર ઝડપભેર વધવા માંડ્યું હતું અને નદીનું જળ સ્તર ૨૦ ફૂટ પાર કરે તેવી સંભાવનાઓ હતી. પરિણામે પૂરની દર્શન વચ્ચે તંત્ર દ્વારા તમામને સાબદા કરાયા હતા.

## PMના માતા પર અપમાનજનક ટિપ્પણીનો સુરતમાં ભાજપ દ્વારા વિરોધ:હાથમાં વિવિધ પ્લેકાર્ડ અને બેનરો લઈને રાહુલ ગાંધી માફી માંગેના નારા લગાવ્યા




સુરત- બિહારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વર્ગસ્થ માતા પર કોગ્રેસ દ્વારા અપમાનજનક ટિપ્પણી કરવા બદલ સુરતમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં સુરત BJPના મહિલા મોરચા અને શહેર એકમના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. તેઓએ હાથમાં વિવિધ પ્લેકાર્ડ અને બેનરો લઈને સૂત્રોચ્ચાર કર્યા હતા અને આ ટિપ્પણીની સખત નિંદા કરી હતી.

'રાહુલ ગાંધી માફી માંગે' - ભાજપ કાર્યકરો અઠવાલાઇન્સ ખાતે યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં મહિલા અને પુરુષ કાર્યકર્તાઓ એકસાથે ધરણા પર બેસીને વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધનું મુખ્ય કારણ બિહારમાં આપવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી હતી, જેના માટે કાર્યકર્તાઓએ માગણી કરી હતી કે રાહુલ ગાંધી માફી માંગે. આ સમગ્ર પ્રદર્શન દરમિયાન, 'રાહુલ ગાંધી માફી માંગે' અને અન્ય નારાઓ લગાવવામાં આવ્યા હતા, ટિપ્પણીથી ભાજપના કાર્યકર્તાઓમાં ભારે રોષ છે. આ ઘટનાએ રાજકીય વર્તુળોમાં તણાવ વધાર્યો છે અને ભાજપ આ મુદ્દાને ગંભીરતાથી લઈ રહ્યું છે, જેનો પુરાવો આ વિરોધ પ્રદર્શન છે.

'દુશ્મન પણ આવા અપશબ્દોનો પ્રયોગ ક્યારેય નહીં કરતો હોય' ભાજપના કોર્પોરેટર કૈલાશ સોલંકીએ જણાવ્યું હતું કે, વિકૃત અને વિચલિત માનસિકતા ધરાવતી કોગ્રેસે, જે આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સ્વર્ગસ્થ માતાનું અપમાન કર્યું છે, ગાળો આપી છે, એના વિરોધમાં અમે અહીં પ્રદર્શન કરવા માટે ભેગા થયા છે. માતા તો જગત જનની કહેવાય. માતા એટલે આપણે કહેવાયને કે આપણને જીવનદાન આપનારી કહેવાય. દુશ્મનની માતા હોય ને તો દુશ્મન પણ કદાચ કોઈ બીજી માતાઓ માટે આવા અપશબ્દોનો પ્રયોગ ક્યારેય નહીં કરતો હોય. અને આ કોગ્રેસ એવી ટાઈપની છે કે રાજનીતિમાં એટલે કે ખબર નહીં અંધ થઈ ગઈ છે અને આવી રીતના નૈતિક મૂલ્યોને ભૂલી ગઈ છે.

## બગુમરા નહેરમાંથી મળી ૩૦૦ ગણેશ પ્રતિમાઓ

## યુવાનોએ ખેતરાડી પાણીની ખાડીમાં કર્યું પુનઃવિસર્જન, માટીની મૂર્તિઓનો ઉપયોગ કરવા અપીલ



બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના બગુમરા ગામમાં ગણેશ વિસર્જનને લઈને ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. પરપ્રાંતિય શ્રમજીવીઓએ દસ દિવસ સુધી ગણપતિની પૂજા-અર્ચના કર્યા બાદ નહેરમાં અયોગ્ય રીતે વિસર્જન કર્યું હતું.

વહીવટી તંત્રે કૃત્રિમ તળાવ કે નદીઓમાં વિસર્જન કરવાની સૂચના આપી હોવા છતાં, લોકોએ બગુમરા ગામની નહેરમાં POP પ્રતિમાઓનું વિસર્જન કર્યું. આ બાબતની જાણ બગુમરા ગામના ઉપસરપંચ આકાસસિંહ વાંસિયાને થતાં તેમણે તાત્કાલિક પગલાં લીધા. ગામના યુવાનોની મદદથી નહેરમાંથી ૩૦૦ થી વધુ અર્ધવિસર્જિત પ્રતિમાઓને બહાર કાઢવામાં આવી. બે ટેમ્પામાં આ પ્રતિમાઓને બગુમરા-તુંડી રોડ પર આવેલી ખેતરાડી પાણીની ખાડીમાં યોગ્ય રીતે પુનઃવિસર્જન કરવામાં આવી.

ગ્રામજનોએ લોકોને અપીલ કરી છે કે દેવી-દેવતાઓની પ્રતિમાઓનું અયોગ્ય વિસર્જન ન કરે. નહેર કે અવાવરુ જગ્યાએ મૂર્તિઓ મૂકવાથી ધાર્મિક આસ્થાનું અપમાન થાય છે. તેના બદલે માટીની નાની પ્રતિમાઓનો ઉપયોગ કરી ઘર આંગણે જ વિસર્જન કરવાની સલાહ આપવામાં આવી છે. આ રીતે 'સ્વચ્છ વિસર્જન, સ્વચ્છ વાતાવરણ, સ્વચ્છ ગામ'ના સંકલ્પને સાકાર કરી શકાશે.

## કીમ ચારરસ્તા બ્રીજ નીચેથી મૃતદેહ મળ્યોઃ કોસંબા પોલીસે અજાણ્યા વ્યક્તિની ઓળખ માટે તપાસ શરૂ કરી




બારડોલી- કીમ ચારરસ્તા બ્રીજ નીચેથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. કોસંબા પોલીસની હદમાં આવેલા કીમ ચારરસ્તાના બ્રીજ નીચે એક અજાણ્યો વ્યક્તિ મૃત અવસ્થામાં મળી આવ્યો હતો.

જાણકારી મળતાં જ કોસંબા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહનો કબજો લીધો છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને મૃતક વ્યક્તિની ઓળખ માટેની કાર્યવાહી શરૂ કરી છે.

મુળદમાં યુવકે ફાંસો ખાઇ લીધો ઓલપાડના મુળદ ગામની હદમાં આવેલ મુળદ ગામથી કારેલી ગામ જવાના રોડ સર્વે નં.૨૦૧ વાળા ખેતરમાં અજાણ્યો પુરૂષ ઇસમ ઉ.વ.આ.૨૫ થી ૩૦ વર્ષનો જેનુ નામ સરનામું જણાય આવેલ નથી જેણે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૃતકના શરીરે ઘેરા કથ્થઈ કલરનુ બનીયાન તથા કમરે સફેદ કલરનુ પેન્ટ પહેરેલ છે. તેના વાળ કાળા ભુરા કલરના છે. તેની આખો અર્ધખુલ્લી છે. કોઈ અગમ્ય કારણસર લીમડાના ઝાડની ડાળી સાથે સાડી બાંધી પોતાની જાતે ગળે ફાસો ખાઈ પોતાનુ જીવન ટુકાવી મરણ ગયેલ છે. કીમ પોલીસને જાણ થતા મૃતકના વાલી વરસોની શોધખોળ હાથ ધરી છે.

## મૉંગરોલના લીડિયાદમાં કરિયાણા સ્ટોરમાં ચોરી, રેઇનકોટ પહેરેલા તસ્કરોએ શટર ઊંચું કરી ૩૦ હજારની રોકડ ચોરી




માંગરોળ- માંગરોલ તાલુકાના લીડિયાદ ગામમાં હનુમાન કિરાણા સ્ટોરમાં મોડી રાત્રે તસ્કરોએ ચોરી કરી છે. બે તસ્કરોએ દુકાનનું શટર ઊંચું કરીને અંદર પ્રવેશ કર્યો હતો.

એક તસ્કરે કાળા રંગનો રેઇનકોટ પહેર્યો હતો, જ્યારે બીજા તસ્કરે ગુલાબી ટી-શર્ટ પહેરી મોઢા પર રૂમાલ બાંધ્યો હતો. દુકાનમાં લાગેલા CCTVને જોઈને તસ્કરોએ તેને તોડવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, સમગ્ર ઘટના CCTV ના DVRમાં રેકોર્ડ થઈ ગઈ હતી. સવારે દુકાન માલિકે જયારે દુકાન ખોલી ત્યારે શટર ઊંચું જોવા મળ્યું હતું. તપાસ કરતા દુકાનમાંથી ૩૦,૦૦૦ રૂપિયાની રોકડ ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. દુકાન માલિકે કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

થોડા દિવસ પહેલા પીપોદરા અને લીડિયાદમાં પણ આ જ પદ્ધતિથી કેટલીક દુકાનોમાં ચોરી થઈ હતી. આ પ્રકારની ચોરીઓથી વેપારી સમુદાયમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
• ૫-સિટર • ૭-સિટર •


સંપર્ક- અનિલભાઇ મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

।। શ્રી સદ્‌ગુરૂ કૃપા ।।
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રીબાલાજી
ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-

શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

Date-10/09/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## અસ્તાન નહેર રોડ પર વાહનચાલકો ખાડામાં રસ્તો શોધવા મજબૂર



બારડોલી- બારડોલી તાલુકામાં આવેલો અસ્તાન નહેરથી ખરવાસાને જોડતો નહેર રોડ અત્યંત જર્જરિત હાલતમાં આવી ગયો છે. આ રસ્તાની હાલત એટલી ખરાબ છે કે જાણે વાહન ચાલકો ચંદ્રની સપાટી પર વાહન ચલાવી રહ્યા હોઈએ તેવો અનુભવ કરી રહ્યા છે. મસમોટા ખાડાઓને કારણે વાહનચાલકો માટે અહીંથી પસાર થવું અત્યંત મુશ્કેલ અને જોખમી બન્યું છે.

હાલમાં, છેલ્લા લાંબા સમયથી બારડોલી નગરપાલિકા વિસ્તારમાં તાપ્તી લાઇન પરના અસ્તાન ફાટક પર રેલવે ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યુંછે. જેના કારણે નાના વાહનોને આ અસ્તાન નહેર રોડ થઈને ખરવાસા રોડ તરફ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. મોટા વાહનો પસાર થવાને કારણે આ રસ્તાની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ છે.

વરસાદ પડતાં રસ્તા પરના ખાડાઓમાં પાણી ભરાઈ જાય છે, જેના કારણે ખાડાઓની ઊંડાઈનો અંદાજ મેળવવો અશક્ય છે. વાહનચાલકોને ખાડામાંથી બચવા માટે રસ્તો શોધવામાં પણ મુશ્કેલી પડી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે જો ચોમાસા પહેલા રસ્તાનું થોડું પણ સમારકામ કરવામાં આવ્યું હોત તો વાહનચાલકોને મોટી રાહત મળી હોત.

પરંતુ હવે આખા ચોમાસા દરમિયાન તેમને આ જ ખાડાટેકરાવાળા રસ્તા પરથી પસાર થવું પડી રહ્યું છે. રસ્તાની એકદમ નજીક નહેર હોવાથી પરિસ્થિતિ વધુ જોખમી બની છે.

ખાસ કરીને રાત્રિના સમયે અંધારામાં આ રસ્તા પરથી પસાર થવું અત્યંત ભયજનક છે, કારણ કે ખાડાઓ અને નહેર વચ્ચેનો ભેદ પારખવો મુશ્કેલ છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ રસ્તાનું સમારકામ કરવામાં આવે તેવી સ્થાનિકોની માગ છે.

### માંડવી પ્રાંત અધિકારીને બિરસા સેના દ્વારા
## બાપ્તિસ્મા ની એફ આર આઇ દાખલ કરવા આવેદનપત્ર અપાયુ





**માંડવી, રિપોર્ટર દક્ષેશ પટેલ-** આજ રોજ માંડવી ખાતે બિરસા મુંડા સેના અને આદિવાસી સમાજ દ્વારા માંડવી પ્રાંત અધિકારી ને બાપ્તિસ્મા ની કલમ દાખલ કરવા રેલો સ્વરૂપે પ્રાંત કચેરી પહોંચી નાયબ મામલતદાર શ્રી ને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

આ આવેદનપત્રમાં જણાવવામાં આવેલ હતું કે, માંડવી પોલીસ સ્ટેશન ખાતે તારીખ ૩૦/૦૬/૨૦૨૫ ના રોજ બાપ્તિસ્મા ની કલમ દાખલ કરવા આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરેલ જે અંગે દિન-૭ મા એફ. આર. આઈ. દાખલ કરવામાં ન આવે તો આવનારા દિવસોમાં સંપૂર્ણ આદિવાસી સમાજ ભગવાન બિરસા મુંડાના રાહે ઉલગુલાલ કરીશું. જેની સંપૂર્ણ જવાબદારી સરકારશ્રીની રહેશે.

### માંગરોળ તાલુકાના શેઠી ગામ ખાતે ના પુલ પાનીમાં ગરકાવ
## વિદ્યાર્થી, નોકરી ધંધાર્થી, કામદારો તથા પશુપાલકોને અવર જવર માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે



**માંડવી, રિપોર્ટર દક્ષેશ પટેલ-** સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં શેઠી ગામ કિમ નદી ના કિનારે વસેલું છે. જેમાં શેઠી ગામમાં ડૂબાવ પુલ આવેલ છે. જે પૂલ ઉપરવાસ માં વરસાદ પડે એટલે પુલ પર પાણી ભરાઇ જતાં હોય છે. જેના કારણે શાળામાં અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ તથા નોકરી ધંધા અર્થે જતા કામદારો તથા દુધ ભરવા જતા પશુપાલકો તેમજ વાહન ચાલકોને ભારે મુશ્કેલી નો સામનો કરવો પડે છે. નેશનલ હાઈવે ૪૮ કોસંબા થી શેઠી થી તડકેશ્વર થઈ માંડવી ને જોડતો રોડ હોય આ પુલ ઊંચાઈ વધારવા માટે વારંવાર રજૂઆત કરવા છતાં વહીવટી તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. વર્ષો અગાઉ આ ડૂબાવ પુલમાં ચાર વિદ્યાર્થીઓ પણ ડૂબી ગયા હતા. છતાં પણ વહીવટી તંત્ર નું પેટનું પાણી પણ હાલતું નથી. અને આ ડૂબાવ પુલ ઊંચો કરવાનુ નામ જ લેતું નથી. જેથી આ ડૂબાવ પુલ ઉંચો કરવા માટે લોક માંગ પ્રવૃતિ રહી છે.

### માંડવી તાલુકામાં ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ ખાતે
## કોગ્રેસ પાર્ટી દ્વારા યુવા સંવાદ અભિયાન હેઠળ મિટિંગ યોજાઈ






**જીગ્નેશ મેવાણી દ્વારા ગુજરાત સરકાર ઉપર પ્રહારો કરતા જણાવ્યું કે સરકાર આદિવાસી વિસ્તારોમાં આદિવાસી સમાજની સસ્કૃતિ ને નાશ કરી રહી છે.**

**માંડવી, રિપોર્ટર દક્ષેશ પટેલ-** માંડવી તાલુકામાં ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ ખાતે કોગ્રેસ પાર્ટી દ્વારા યુવા સંવાદ અભિયાન હેઠળ મિટિંગ યોજાઈ હતી. જેમાં કોગ્રેસ પાર્ટી ના દક્ષિણ ગુજરાતના પ્રભારી, વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, ૧૫૭ વિધાનસભાના માજી ધારાસભ્ય તેમજ સુરત જિલ્લા કોગ્રેસ પાર્ટીના પ્રમુખ શ્રી આનંદભાઈ ચૌધરી, તેમજ પાર્ટીના હોદ્દેદારો હાજર રહ્યાં હતા. જેમાં જીગ્નેશ મેવાણી દ્વારા ગુજરાત સરકાર ઉપર પ્રહારો કરતા જણાવ્યું કે સરકાર આદિવાસી વિસ્તારોમાં આદિવાસી સમાજની સસ્કૃતિ ને નાશ કરી રહી છે. અને જળ જંગલ જમીન બાબતે અત્યાચાર કરી દમન ગુજારી રહી છે. આદિવાસી વિસ્તારોમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા આદીવાસી ઓ ને ખૂબ હેરાન કરવામાં આવી રહ્યા છે. સાથે પોલીસતંત્ર, જંગલખાતુ, અને સ્થાનિક સંસદ સભ્યો ને પણ દમનકારી જણાવ્યા હતા. વધુમાં સરકાર ને કહ્યું હતું કે આ સરકાર વનબંધુ ની વાત કરે છે અને આદિવાસી ઓ ના જંગલ સાફ કરે છે. RSS ને દેશની આઝાદી માં કોઈ યોગદાન નથી અને તેમણે દેશના ગદ્દાર જણાવ્યા હતા.

ભાજપ સરકાર હિન્દુત્વ ને નામે વોટ ચોરી કરે છે એવા આક્ષેપ કર્યા હતા. સાથે આમ આદમી પાર્ટીમાં થી વડેશિયા ગામના સરપંચ મિતુલ ચૌધરી તથા આસપાસના ગામના ૨૦૦ જેટલા કાર્ય કરતાં ઓ પાર્ટી ને છોડીને કોગ્રેસ નો ખેસ પહેરી લીધો હતો. જેથી કરીને આમ આદમી પાર્ટીમાં માંડવી વિસ્તાર માં મોટો પડકાર ઊભો થયો છે. પાર્ટી માં જોડનાર કાર્યકર્તાઓ આમ આદમી પાર્ટી ને ભાજપને જીતાડવા માટે ની બ ટીમ બનીને ઉપયોગ કરે છે. એવા આક્ષેપ કરી રહ્યા છે. અને કોગ્રેસ પાર્ટી માં જોડાય ગયા હતા. જેથી માંડવી તાલુકામાં રાજકીય ઉથલપાથલ જોવા મળી છે.

## નંદુરબારના NDPSનાં આરોપીને નિઝર બસ સ્ટેશન પાસેથી દબોચ્યો



**તાપી (વ્યારા)-** તાપી જિલ્લાની એસઓજી શાખાએ એનડીપીએસ એક્ટમાં વોન્ટેડ આરોપીની ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે નિઝર આર.જી. પટેલ હાઇસ્કૂલના બસ સ્ટેશન પાસે વાહન ચેકિંગ દરમિયાન આ સફળતા મળી છે.

પકડાયેલા આરોપીની ઓળખ સુનિલ મોહન વસાવે (ઉંમર ૨૨) તરીકે થઈ છે. તે મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના ધાનોરા ગામનો રહેવાસી છે. આરોપી વ્યારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસ એક્ટના ગુનામાં લાંબા સમયથી ફરાર હતો.

એસઓજી ટીમમાં અ.હે.કો. કમલેશભાઇ વળવી, એએસઆઈ રાજેન્દ્ર યાદવરાવ અને અ.હે.કો. શરદભાઇ વળવી સામેલ હતા. આરોપી સામે એનડીપીએસ એક્ટ ૧૯૮૫ની કલમ ૮સી, ૨૦ (બી) અને ૨૯ મુજબ ગુનો નોંધાયેલો છે.

પોલીસે બીએનએસએસ કલમ ૩૫ (૧) હેઠળ કાર્યવાહી કરીને આરોપીની અટકાયત કરી છે. આગળની તપાસ માટે તેને વ્યારા પોલીસ સ્ટેશનને સોપવામાં આવ્યો છે. આ સમગ્ર ઓપરેશન ઇન્સ્પેક્ટર કે.જી. લીમ્બાચીયાના માર્ગદર્શન હેઠળ પાર કરવામાં આવ્યું હતું.

## સોનગઢના વેપારી પાસે સેન્ટરિંગ પ્લેટ ભાડે લઈ, ભાડું ન ચૂકવતા કોન્ટ્રાક્ટર સામે ફરિયાદ

સોનગઢ- સોનગઢના એક વેપારીએ સુરતના કોન્ટ્રાક્ટરને ૧૧૪૦ સેન્ટરિંગ પ્લેટ ભાડે આપી હતી. આ કોન્ટ્રાક્ટરે ભાડાની બાકી રકમ રૂ. ૧,૬૨,૩૭૫ ચૂકવી નથી અને પ્લેટ પણ પરત આપી નથી, જેથી તેની સામે સોનગઢ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાય છે.

સોનગઢના બ્રાહ્મણ ફળિયામાં રહેતા નિલેશભાઈ બાલકૃષ્ણભાઈ ભટ્ટ સેન્ટરિંગ પ્લેટ ભાડે આપવાનો વ્યવસાય કરે છે. ૧ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ સોનગઢ બાંધકામ કોન્ટ્રાક્ટરનું કામ કરતા રાજુ પાટીલ તેમની પાસે એક વ્યક્તિને લઈને આવ્યા હતા. તેમણે જણાવ્યું કે આ વ્યક્તિનું નામ પ્રતીકભાઈ કાકડિયા ( પુણા ગામ, સુરત ) છે અને તેઓ મોટા કોન્ટ્રાક્ટરનું કામ કરે છે તથા તેમને સેન્ટરિંગ પ્લેટની જરૂર છે.


નિલેશભાઈએ એક સેન્ટરિંગ પ્લેટના દરરોજના દોઢ રૂપિયા પ્રમાણે ભાડું નક્કી કરી, પ્રતીકભાઈને ટેમ્પોમાં ૫૦૦ પ્લેટ આપી હતી. પ્રતીકભાઇ પાસેથી ભાડાની ચૂકવણી માટે ચેક પણ લીધો હતો. ત્યારબાદ પ્રતીકભાઈ અવારનવાર સોનગઢ આવીને સેન્ટરિંગ પ્લેટ લઈ જતા હતા અને ભાડાની અમુક રકમ ચૂકવતા હતા. આમ, ૨૮ માર્ચ, ૨૦૨૫ સુધીમાં તેમણે કુલ ૧૧૪૦ સેન્ટરિંગ પ્લેટ ભાડે લીધી હતી અને ભાડાની કુલ રકમમાંથી રૂ. ૨,૪૯,૭૫૦ ની ચૂકવણી કરી દીધી હતી.

જોકે, ત્યારબાદ પ્રતીકભાઈએ સોનગઢ આવવાનું બંધ કરી દીધું હતું અને બાકી રહેલી ભાડાની રકમ રૂ.૧,૬૨,૩૭૫ અંગે કોઈ જવાબ આપતા ન હતા. નિલેશભાઈનો ફોન પણ તેઓ ઉપાડતા ન હતા અને જો ઉપાડે તો ખોટા વાયદા કરતા હતા.

ANILDARBAR
Mo: 97242 60058

DHARMESH PATEL
Mo: 99250 47272

વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).